# શ્રીગુરુમાઈનાં વચનો પર ધ્યાન
# ઈશા સરદેસાઈ દ્વારા લિખિત

## અભિસ્વીકૃતિનું મહત્ત્વ

સત્સંગ થવાનો છે, એ વાતની જાણ તમને તમારા રહેવાના સ્થાન અનુસાર એક રાત પહેલાં કે થોડા કલાકો પહેલાં થઈ હશે. તેમ છતાં તમારાંમાંથી ઘણાં બધાં લોકોએ તેમાં ભાગ લેવા માટે પૂરા પ્રયત્નો કર્યા, તેના વિશે સાંભળવું મારા માટે ખૂબ જ પ્રેરણાદાયી હતું. ઘણા બધા કિસ્સાઓમાં તો એવું લાગ્યું કે કોઈ મહાન શક્તિ સહભાગી થવામાં તમને સહાય કરી રહી છે. જેમકે વિસ્કૉન્સિનના એક સિદ્ધયોગીએ સત્સંગ પછી સિદ્ધયોગ પથની વેબસાઇટ પર જણાવ્યું :

> મારી અગિયાર વર્ષની દીકરી દરરોજ રાત્રે પ્રાર્થના કરતી હોય છે કે તેને ગુરુમાઈજીનાં દર્શન થાય. આ સંકલ્પ વર્ષોથી તેના મનમાં પ્રથમસ્થાન પર રહ્યો છે.
>
> આજે સવારે, સત્સંગ શરૂ થવાની એકદમ પહેલાં, અમને તેની સ્કૂલમાંથી ફોન આવ્યો કે સ્કૂલમાં લાઇટ જતી રહી છે. અમારા વિસ્તારમાં ઘણી બધી સ્કૂલોમાં આવું થયું હતું, પરંતુ એકમાત્ર તેની જ સ્કૂલમાં એવું થયું કે જનરેટર કામ નહોતું કરી રહ્યું, તેથી બધાં જ બાળકોને બસથી જલ્દી ઘરે મોકલવામાં આવી રહ્યાં હતાં. તે એકદમ બરાબર સમયે દરવાજામાંથી અંદર આવી, અને તેણે ગુરુમાઈજી સાથે નામસંકીર્તન કર્યું, ગુરુમાઈજીને બોલતાં સાંભળ્યાં અને ગુરુમાઈજીનાં દર્શન કર્યાં!

જ્યારે ગુરુમાઈજીએ બોલવાનું શરૂ કર્યું ત્યારે સૌથી પહેલાં તેમણે આટલા ઓછા સમયની સૂચનામાં વૈશ્વિક હૉલમાં આવવા માટે દરેક વ્યક્તિની અભિસ્વીકૃતિ કરી. આ વાત મારા માટે ખૂબ જ પ્રાસંગિક અને હૃદયસ્પર્શી હતી. લોકોની અભિસ્વીકૃતિ કરવાના અને તેમના પ્રતિ આભાર વ્યક્ત કરવાના મહત્ત્વ વિશે મને ગુરુમાઈજીનું માર્ગદર્શન મળ્યું છે અને મેં તેમને બીજાં લોકોને પણ આ માર્ગદર્શન આપતાં સાંભળ્યાં છે.

મારું એ સૌભાગ્ય પણ રહ્યું છે કે ઘણા બધા સુઅવસરો પર મને ગુરુમાઈજી પાસેથી વિશેષ અને વ્યક્તિગત રૂપે અભિસ્વીકૃતિ પ્રાપ્ત થઈ છે. આ ક્ષણોમાં મેં અભિસ્વીકૃતિની પૂર્ણ શક્તિની અનુભૂતિ કરી છે — મારા હૃદયમાં અને તેની આસપાસ સૂર્યપ્રકાશ જેવી સ્વર્ણિમ આભાના રૂપમાં અને એ અટલ વિશ્વાસના રૂપમાં અનુભૂતિ કરી છે કે હું મહત્ત્વપૂર્ણ છું. હું જે કરું છું તે પણ મહત્ત્વપૂર્ણ છે. જ્યારે પણ મને મારા કાર્ય માટે ગુરુમાઈજી પાસેથી અભિસ્વીકૃતિ કે પ્રશંસા પ્રાપ્ત થઈ છે ત્યારે મને એવું મહસૂસ થયું છે કે હું કંઈ પણ કરી શકું છું, કોઈપણ પડકારનો સામનો કરી શકું છું, અને ગુરુમાઈજી માટે અને તેમના મિશન માટે આવું કરવું મારા માટે અત્યંત ખુશીની વાત હશે.

મને બીજાં લોકો પાસેથી પણ ઘણી પ્રશંસા મળી છે. હું મારી બડાઈ હાંકવા માટે આવું નથી કહી રહી, (ખરેખર! હું સાચું કહું છું!) પરંતુ એ જણાવવા માટે કહી રહી છું કે હું જાણું છું કે જ્યારે કોઈ વ્યક્તિ થોડો સમય કાઢીને તમને જણાવે કે તમે જે કામ કરી રહ્યા છો, જે પ્રયત્નો કરી રહ્યા છો, તેની તેઓ પ્રશંસા કરે છે ત્યારે કેવું લાગે છે. તેનાથી ઘણો ફરક પડે છે. મને જેટલી પ્રશંસા, જેટલી અભિસ્વીકૃતિ મળી છે તે બધાંનો મારા પર ઘણો પ્રભાવ પડ્યો છે. અને મને આશા છે કે મેં જે લોકોની અભિસ્વીકૃતિ કરી છે તેમને પણ એવું જ મહસૂસ થયું હશે, તેમને પણ મારી કૃતજ્ઞતાના શુદ્ધ ભાવની અનુભૂતિ થઈ હશે.

જ્યારે ગુરુમાઈજીએ વૈશ્વિક હૉલમાં ઉપસ્થિત દરેક વ્યક્તિનો આભાર માન્યો, તો એવું લાગ્યું કે અભિસ્વીકૃતિ વિશે, પ્રશંસા કરવા વિશે હું જે શીખી છું અને મેં જે અનુભવ્યું છે તે બધું મારી અંદર સમાઈ ગયું, એકરૂપ થઈ ગયું. મને યાદ આવી ગયું કે આ અભ્યાસ કેટલો મહત્ત્વપૂર્ણ છે. આપણે લોકોને એ જણાવવું જ જોઈએ કે તેમના પ્રયત્નો પ્રશંસનીય છે. અનેક સંસ્કૃતિઓમાં, આવી રીતે અભિસ્વીકૃતિ કરવી, કૃતજ્ઞતા અભિવ્યક્ત કરવી એ પરંપરાગત સામાજિક શિષ્ટાચારનો એક ભાગ છે. કેટલાંક લોકો આ શિષ્ટાચારનું પાલન કરે છે; કેટલાંક નથી કરતાં. પરંતુ, સિદ્ધયોગ પથ પર ગુરુમાઈજીએ આપણને એ શીખવ્યું છે કે આવું કરવું સારું છે અને જરૂરી પણ છે. બીજાં લોકો પ્રત્યે કૃતજ્ઞ રહેવું એ એક પ્રકારની પૂજા છે. હાર્દિક આભાર માનવો એ પ્રાર્થના છે. હું સમજું છું કે એ દિવસે ગુરુમાઈજીની અભિસ્વીકૃતિ આપણાં બધાં માટે તેમનો *પ્રસાદ* હતો.

તેથી, હવે હું વિચારી રહી છું : *તમે* કેવી રીતે લોકોનો આભાર માનો છો, કેવી રીતે તેમની અભિસ્વીકૃતિ કરો છો, તેમની પ્રશંસા કરો છો?

© ૨૦૨૬ એસ.વાય.ડી.એ. ફાઉન્ડેશન®. સર્વાધિકાર સુરક્ષિત.